॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક પર

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૭૬, શ્રાવણ સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞાસમાધારક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

ગત મહિને પ્રકાશિત અંક-૫૧ માં લોકડાઉનના લીધે થયેલ ફાયદાઓ એને તેની વિપરીત અસર રૂપે સોશિયલ મીડીયાના દૂ:ષણો અંગે ધ્યાન દોર્યું હતું, અને પૂજ્ય ગીતાર્થ ગુરુભગવંતોને યોગ્ય માર્ગદર્શન માટે વિનંતી કરી હતી.

-: કંઇક આશા... કંઇક નિરાશા :-

અનલોકના નવા ધોરણ અનુસાર સરકાર તરફથી ધાર્મિક સ્થાનો ખોલવાના નિયમોને આધીન પરવાનગી આપવામાં આવેલ છે. જેના લીધે જિનાલયોના દરવાજા ખુલી ગયા છે અને દરરોજ પરમાત્માના દર્શન સુલભ બન્યા છે. જે આપણું અહોભાગ્ય છે. પરંતુ પૂજા અને બીજી વિધિ (સ્નાત્ર,પૂજા, પૂજન) અને પ્રવચનો પ્રાયઃ બધા જ સંઘોમાં બંધ છે. ગુરુભગવંતો જ્યાં ચાતુર્માસાર્થે બિરાજમાન છે તેઓની પ્રેરણાથી ઘણાં સંઘોમાં ઘેર બેઠા તપસ્યા, એકાસણાં, અઠ્ઠમ વગેરેનું આયોજન કરવામાં આવેલ છે. અને તપસ્વીઓનું બહુમાન પણ તેમને પારણાનો સામાન વગેરે બહુમાનપૂર્વક ઘરે પહોંચાડીને ભક્તિ પણ કરવામાં આવે છે. જેની અનુમોદના કરીએ છીએ.

-: અવનવા આયોજનો :-

પૂજ્ય ગુરુદેવોની પ્રેરણાને ઝીલી સંઘોના યુવાન કાર્યકરો અને યુવા મહિલા મંડળોએ ક્વીઝ, હરીફાઇ, સૂત્ર ગોખવા વગેરેનું આયોજન પણ જે તે સંઘમાં કરવામાં આવી રહ્યું છે જેને લીધે પ્રભુની વાણી આંશિક રીતે પણ સંઘના સભ્યોને મળતી રહે અને શ્રુતજ્ઞાનની ભક્તિ બહુમાન પણ જળવાઇ રહે છે.

-: સર્વત્ર છવાયો જ્ઞાનોત્સવ :-

પૂજ્ય ગુરુભગવંતો પણ વ્યાખ્યાન અને બીજા અનુષ્ઠાનો ન હોવાથી ખૂબ જ ઉત્સાહપૂર્વક મળેલા સમયનો સદુપયોગ કરવા માટે સ્વાધ્યાય-અભ્યાસ-સંશોધનમાં પરોવાયા છે. અને ઉત્સાહી જ્ઞાનભંડારના સંચાલકો, ટ્રસ્ટીઓ તેઓને જોઇતાં પ્રાયઃ અલભ્ય ગ્રંથો પણ પૂરા પાડીને શ્રુતભક્તિ કરી રહ્યા છે અને જે પ્રદેશમાં જ્ઞાનભંડાર નથી ત્યાં રહેલ ગુરુભગવંતોને પુસ્તકોની PDF પૂરી પાડીને તેની પ્રિન્ટ દ્વારા ગુરુભગવંતોને સહાયક બની રહ્યા છે.

" दासोऽहं सर्व साधूनाम् "

અનુસંધાન પાન નં.૫ ઉપર....

# સંવત ૨૦૭૬ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | વિશેષ આવશ્યક ભાષ્ય-૧,૨,૩ (શ્રી મલ્લધારિ હેમચંદ્રસૂરિજી ટીકા) | આ.સંયમબોધિસૂરિજી | સં. | જૈનમ પરિવાર રીલી.ટ્રસ્ટ |
| ૨ | ઉત્તરાધ્યયન સૂત્ર (શ્રી નેમીચંદ્રસૂરિજી ટીકા) | આ.સંયમબોધિસૂરિજી | સં. | જૈનમ પરિવાર રીલી.ટ્રસ્ટ |
| ૩ | સંવેગરંગશાળા(સાર સંગ્રહ) | આ.સંયમબોધિસૂરિજી | ગુજ. | જૈનમ પરિવાર રીલી.ટ્રસ્ટ |
| ૪ | નક્ષત્ર મીમાંસા | પૂ.કૃપાબોધિવિજયજી | | જૈનમ પરિવાર રીલી.ટ્રસ્ટ |
| ૫ | વાચના વૈભવ | સા.ગુપ્તિધરાશ્રીજી | ગુજ. | જૈનમ પરિવાર રીલી.ટ્રસ્ટ |
| ૬ | પત્ર વૈભવ | સા.ગુપ્તિધરાશ્રીજી | ગુજ. | જૈનમ પરિવાર રીલી.ટ્રસ્ટ |
| ૭ | આગમબૃહદ્ નામકોશ-૧,૨ | પૂ.દીપરત્નસાગરજી | પ્રા/સં/ગુજ | આગમ શ્રુત પ્રકાશન સમિતિ |
| ૮ | પાપ પ્રક્ષાલન અતિચાર | પૂ.સિધ્ધસેન વિજયજી | ગુજ. | શ્રી લબ્ધિભુવન સાહિત્ય ભવન |
| ૯ | પ્રશમરસ પયોનિધિ | આ.પૂર્ણચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી વિજયજયકુંજરસૂરિ સ્મૃતિ ટ્રસ્ટ |
| ૧૦ | અંતરનાંદ | પં.મોક્ષાંગરત્નવિજયજી | ગુજ. | પાનીદેવી મોહનલાલજી મુથા |
| ૧૧ | પચ્ચક્ખાણ | પં.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૧૨ | મૌન એકાદશી મહાપર્વ | પૂ.રમ્યદર્શનવિજયજી | ગુજ. | પરમપથ દર્શન પ્રકાશન |
| ૧૩ | વર્ધમાન શક્રસ્તવ (સાર્થ) | પૂ.નિર્વાણભૂષણવિજયજી | ગુજ. | હેમલભાઇ હસમુખભાઇ |
| ૧૪ | પંચ પ્રતિક્રમણ સૂત્ર | આ.મુક્તિપ્રભસૂરિજી | ગુજ. | શ્રી સ્મૃતિ મંદિર પ્રકાશન |
| ૧૫ | શું આપણે ખરેખર શાકાહારી છીએ ? | આ.રાજેન્દ્રસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૬ | સમરાદિત્યના પ્રવચનો ભા.૧ થી ૪ | પૂ.રૈવતભૂષણવિજયજી | ગુજ. | પરમ શ્રધ્ધેય પ્રકાશન |
| ૧૭ | જૈનીઝમ વિશ્વની સમસ્યાઓનું સમાધાન | પ્રિયમ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૧૮ | ફાગણ સુદ તેરસ | પ્રિયમ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૧૯ | અનેકાંત વાદ | પૂ.ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૨૦ | આ.કમલસૂરીશ્વરજી કથા | પૂ.પુંડરિકપ્રભવિજયજી | ગુજ. | શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરા.ટ્રસ્ટ |
| ૨૧ | જૈન શાસનના વિચારણીય પ્રશ્નો | ભૂષણ શાહ | ગુજ. | મિશન જૈનત્વ જાગરણ |
| ૨૨ | પ્રશાંતમૂર્તિનું પ્રશમામૃત | આ.રાજેન્દ્રસૂરિજી | ગુજ. | સુસંસ્કાર નિધિ ટ્રસ્ટ |
| ૨૩ | કાયરતાનું સરનામું-૩૪૭ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૪ | નહીં ભૂલાય ઇન્દોર -૩૪૮ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૫ | ક્રિકેટનું સિક્રેટ - ૩૪૩ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૬ | યાત્રા મારા થી તારા તરફ - ૩૪૯ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૭ | સુણજો સાજન પજુસન આવ્યા રે-૩૪૪ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૮ | લાઇફ કન્સ્ટ્રક્શન - ૩૪૬ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૯ | કલ્પવૃક્ષ કલ્પસૂત્રના શરણ - ૩૪૫ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩૦ | તીર્થંકર મહાવીર-૧,૨ | આ.વિજયેન્દ્રસૂરિજી | હિ. | શ્રી જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ |
| ૩૧ | વીર વિહાર મીમાંસા | આ.વિજયેન્દ્રસૂરિજી | હિ. | શ્રી જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ |

# સંવત ૨૦૭૬ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૧ | ભવપાર | આ.હેમચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી અંબાલાલ રતનચંદ ટ્રસ્ટ |
| ૩૨ | વોસિરામિ | આ.હેમચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી અંબાલાલ રતનચંદ ટ્રસ્ટ |
| ૩૩ | ૧૬ ભાવના | આ.હેમચંદ્રસૂરિજી | ગુજ. | શ્રી અંબાલાલ રતનચંદ ટ્રસ્ટ |
| ૩૪ | ડ્રોપ (સુધારેલ નૂતન આવૃત્તિ) | પ્રિયમ્ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૩૫ | સુકૃત સાગર (મંત્રીશ્વર પેથડશાહ) | આ.પૂર્ણચંદ્રસૂરિજી | ગુજ. | પંચ પ્રસ્થાન પૂણ્ય સ્મૃતિ |
| ૩૬ | અંધશ્રધ્ધાળુઓ/અંધ બુધ્ધાળુઓ | આ.જયસુંદરસૂરિજી | ગુજ. | શ્રી શ્વે.તપાગચ્છ જૈન મહાસંઘ |
| ૩૭ | લોક કલ્યાણ અને ધાર્મિક થાપણો | આ.જયસુંદરસૂરિજી | ગુજ. | શ્રી શ્વે.તપાગચ્છ જૈન મહાસંઘ |
| ૩૮ | વહીવટી માર્ગદર્શન પુસ્તિકા | શ્રી નૌતમભાઇ વકીલ | ગુજ. | શ્રી શ્વે.તપાગચ્છ જૈન મહાસંઘ |
| ૩૯ | શ્રી વીશસ્થાનક પૂજા (રૂપવિજયજી) | પં.શ્રી પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૦ | શ્રી નવપદ પૂજા (પદ્મવિજયજી) | પં.શ્રી પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૧ | શ્રી નવપદ પૂજા (યશોવિજયજી) | પં.શ્રી પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪૨ | સેતુબંધ-૧૭,૧૮,૧૯ | પૂ.યશરત્નવિજયજી | સં. | સેતુબંધ ત્રિમાસિક સમિતિ |
| ૪૩ | અનુસંધાન-૭૮,૭૯,૮૦ | આ.શીલચંદ્રસૂરિજી | સં./હિ. | હેમચંદ્રાચાર્ય નવમ શતાબ્દિ |
| ૪૪ | નન્દનવન કલ્પતરૂ-૪૩,૪૪ | પં.કલ્યાણકીર્તિવિજયજી | સં. | જૈન ગ્રંથ પ્રકાશન સમિતિ |
| ૪૫ | શ્રી આદિજિન નિર્માણ પ્રબંધ | આ.હેમરત્નસૂરિજી | હિ. | અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૪૬ | શ્રી માણીભદ્રવીર-માલવ વિભુષણ | પૂ.વાત્સલ્યસુંદરવિજયજી | હિ. | માણીભદ્રવીર જૈન તીર્થ ટ્રસ્ટ |
| ૪૭ | હેમજીવન | પૂ.સંયમભૂષણવિજયજી | હિ. | પરમશ્રધ્ધેય પ્રકાશન |
| ૪૮ | જીવન કી બર્બાદી સર્જક માંસાહાર | આ.રાજેન્દ્રસૂરિજી | હિ. | દિવ્ય દર્શન કાર્યાલય |
| ૪૯ | સુપર બેટર ઉતરાયણ | પ્રિયમ્ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૫૦ | જિનશાસન કા રસાસ્વાદ | પ્રિયમ્ | હિ. | અહો શ્રુતમ્ |
| ૫૧ | જિનશાસન નો રસાસ્વાદ | પ્રિયમ્ | ગુજ. | અહો શ્રુતમ્ |
| ૫૨ | વ્રતધારિ બને | પૂ.દેવરત્નસાગરજી | હિ. | રાજેશભાઇ ડી.મોતા |
| ૫૩ | પ્રભાતે ઊઠી કરું વંદના | | હિ. | શ્રી સુમતિનાથ તપા.જૈન સંઘ |
| ૫૪ | આશાતના રહિત જિનભક્તિ કરે | પં.રમ્યદર્શનવિજયજી | હિ. | પરમપથ દર્શન પ્રકાશન |
| ૫૫ | અપ્રગટ યશોવાણી | આ.યોગતિલકસૂરિજી | હિ. | સંયમ સુવાસ |
| ૫૬ | નારી અસ્તિત્વ ઔર અસ્મિતા | પ્રેમલત્તા સુરાણા | હિ. | અખિલ ભાર.સાધુ માર્ગીય મહિલા સમિતિ |
| ૫૭ | જૈન તત્વજ્ઞાન પાઠ્યક્રમ-૨ | પં.યુગપ્રભવિજયજી | હિ. | શ્રી હેમગિરિ ટ્રસ્ટ |
| ૫૮ | સમકિતનું મૂળ જાણીયેજી | પં.ભવ્યસુંદરવિજયજી | હિ. | શ્રમણોપાસક પરિવાર |
| ૫૯ | રાત કો ખાને સે પહલે | પ્રિયમ્ | હિ. | અહો શ્રુતમ્ |
| ૬૦ | વિચાર વૈભવ | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | શ્રી જિનકાન્તિસાગરસૂરિજી સ્મારક |
| ૬૧ | જીએં તો ઐસે જીએં | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | શ્રી જિનકાન્તિસાગરસૂરિજી સ્મારક |
| ૬૨ | વિચાર વિરાસત | પૂ.મનિતપ્રભસાગરજી | ઇહ. | શ્રી જિનકાન્તિસાગરસૂરિજી સ્મારક |

## સંવત ૨૦૭૬ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૬૩ | આઓ તરાશેં જિંદગી | પૂ. મનિતપ્રભસાગરજી | હિ. | શ્રી જિનકાન્તિસાગરસૂરિજી સ્મારક |
| ૬૪ | જીવન કા દર્પણ કર્તવ્ય કા પ્રતિબિંબ | પૂ. મનિતપ્રભસાગરજી | હિ. | શ્રી જિનકાન્તિસાગરસૂરિજી સ્મારક |
| ૬૫ | ખરતરગચ્છ સહસ્રાબ્દી નિર્ણય | ભૂષણ શાહ | હિ. | મિશન જૈનત્વ જાગરણ |
| ૬૬ | બત્તીસ આગમો સે મૂર્તિસિધ્ધિ | આશીષ તાલેડા | હિ. | મિશન જૈનત્વ જાગરણ |
| ૬૭ | આત્મવિશુદ્ધિ | આ. ઉદયપ્રભસૂરિજી | હિ. | શ્રી હેમગિરિ ટ્રસ્ટ |
| ૬૮ | વંદે પ્રેમસૂરીશ્વરમ્ | આ. અજિતરત્નસૂરિજી | હિ. | પદ્મકિરણ ઉત્સવ સમિતિ |
| ૬૯ | જિન પ્રતિમા ગુણ ભંડાર | આ. અરિહંતસાગરસૂરિજી | હિ. | ગીતાર્થ ગંગા |
| ૭૦ | દર્શનાવતાર | આ. અરિહંતસાગરસૂરિજી | હિ. | ગીતાર્થ ગંગા |
| ૭૧ | અનેકાંતવાદ | પૂ. ગુણહંસવિજયજી | હિ. | કમલ પ્રકાશન |
| ૭૨ | THE DELUGE OF ANGER | આ. ફુલચંદ્રસૂરિજી | અં. | શૈલેષ પારેખ એન્ડ કુાં |
| ૭૩ | FAITH - PERSONIFIED | આ. ભુવનભાનુસૂરિજી | અં. | ભાનુદય ફાઉન્ડેશન |
| ૭૪ | SUPER - BETTER UTTARAYAN | પ્રિયમ્ | અં. | અહો શ્રુતમ્ |
| ૭૫ | મુક્તિનો રાજમાર્ગ | આ. શ્રેયાંસપ્રભસૂરિજી | ગુજ. | સ્મૃતિ મંદિર પ્રકાશન |
| ૭૬ | સાર્વ ભૌમ ભાવના | આ. યૂગભૂષણસૂરિજી | ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૭૭ | સંવેગના સોપાન | પૂ. તારકચંદ્રસાગરજી | ગુજ. | આગમોદ્ધારક પ્રતિષ્ઠાન |

### દીક્ષાદાનેશ્વરી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ. સા. તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરિજીની પ્રેરણાથી શ્રી જિનગુણ આરાધક ટ્રસ્ટ દ્વારા પુનઃપ્રકાશિત ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧ | દર્શન રત્ન રત્નાકર ભા. ૧ થી ૩ | પૂ. સિધ્ધાંતસારવિજયજી | સં. |
| ૨ | યશોધર ચરિત્રમ્ | પૂ. વિવેકવિજયજી | સં. |
| ૩ | વિનોદ કથા સંગ્રહ | આ. રાજશેખરસૂરિજી | સં. |
| ૪ | જમ્બૂસ્વામી ચરિત્રમ્ | પૂ. જિનવિજયજી | સં. |
| ૫ | યશોધર ચરિત્રમ્ | ક્ષમાકલ્યાણવિજયજી | સં. |
| ૬ | આરામસોહા કહા | | સં. |
| ૭ | મેતાર્ય મુનિ ચરિત્રમ્ | શ્રી શુભશીલ ગણિ | સં. |
| ૮ | ચંદનબાળા ચરિત્રમ્ | શ્રી શુભશીલ ગણિ | સં. |
| ૯ | જયવિજય કથાનકમ્ | શ્રી અમૃતવિજય ગણિ | સં. |
| ૧૦ | જમ્બૂકુમાર ચરિત્રમ્ | શ્રી ધર્મદાસ ગણિ | સં. |
| ૧૧ | જ્યોતિષચંદ્ર ચરિત્રમ્ | શ્રી રત્નચંદ જિતસ્વામી | સં. |
| ૧૨ | પ્રસન્નચંદ્ર રાજર્ષિ ચરિત્રમ્ | શ્રી ધર્મદાસ ગણિ | સં. |
| ૧૩ | ચેલ્લણા મહાસતી ચરિત્રમ્ | શ્રી શુભશીલ ગણિ | સં. |
| ૧૪ | મંગલ કળશ ચરિત્રમ્ | શ્રી ભાવચંદ્રસૂરિજી | સં. |
| ૧૫ | સુદર્શન શ્રેષ્ઠી ચરિત્રમ્ | શ્રી શુભશીલ ગણિ | સં. |
| ૧૬ | દેશી શબ્દ કોશ | મુનિ દુલહરાજ | હિ. |

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટૂંક સમયમાં પ્રકાશિત થશે.)

પૂ.આ.શ્રી ભાગ્યેશસૂરિજી મ.સા. (શ્રી ૐકારસૂરિજી સમુદાય)

(૧) અધ્યાત્મબિંદુ - ગુર્જરાનુવાદ

પૂ.આ.શ્રી હેમવલ્લભસૂરિજી મ.સા. (શ્રી પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) સાધુ (શ્રમણ) પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ - તિલકાચાર્ય કૃત

(૨) સંવેગ શતક (૩) સંવેગ ચૂડામણી પ્રકરણ

(૪) અષ્ટ પ્રવચન માતાની કથાઓ

પૂ.આ.શ્રી જગદ્‌ચંદ્રસૂરિજી મ.સા. (શ્રી ધર્મવિજયજી ડહેલાવાળા સમુદાય)

(૧) હેમવિભ્રમ :- હસ્તપ્રતો ઉપરથી સંશોધન-સંપાદન

પૂ.શ્રી પ્રેમદર્શનવિજયજી મ.સા. (પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.સા.ગ્રુપ)

(૧) બૃહદ્ ગુજરાતી સંસ્કૃત કોશ - લગભગ એક લાખ જેટલા ગુજરાતી શબ્દો, ક્રિયાપદોનો સંગ્રહ ધરાવતો કોશ

અનુસંધાન પાન નં.૧ ઉપર થી....

જ્યાં જ્ઞાનભંડાર નથી તે સંઘો પોતાના ત્યાં જ્ઞાનભંડાર નવો બનાવવા માટે પણ પ્રયત્નશીલ બનેલ છે. અને જે PDF દ્વારા પુસ્તકોની પ્રિન્ટ નકલ થઇ છે તેના લીધે તેમના જ્ઞાનભંડાર પણ સમૃદ્ધ બની રહ્યા છે.

રેડ સિગ્નલ :- અનલોકના આ નૂતન તબક્કામાં ઘણી ઉત્સાહી સંસ્થાઓ ઓનલાઇન ક્વીઝ અને ઓનલાઇન જૈન હાઉસી વગેરે ચાલુ કરી છે. તેઓ જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર અને જ્ઞાન વધારવાનું સુંદર કાર્ય કરી રહ્યા છે પરંતુ તે સંસ્થાઓ ઓનલાઇનમાં આખા શહેરમાં, રાજ્યમાં કે દેશમાં તેનું આયોજન કરે છે. ત્યારે ઘણી વખત તેનું સંચાલન પ્રોફેશનલ ટેકનોલોજીસ્ટ કે સોફ્ટવેર કંપનીને સોંપે છે.

ઓનલાઇન હોવાથી પાંચ-દસ કે પંદર હજાર વ્યક્તિઓ જેમાં ભાગ લે છે તેમાં પોતાની ગુપ્ત માહિતી - નામ, એડ્રેસ, ફોટો, જન્મતારીખ, બેંક એકાઉન્ટ વગેરે આપતા હોય છે, અને આ માહિતીનો ડેટા જે ખૂબ જ અમૂલ્ય છે તે સોફ્ટવેર કંપનીઓ પ્રોફેશનલ ચાર્જ લઇને બીજાને આપતાં હોય છે, જેના લીધે આપણા ખાનદાન કુટુંબની યુવાન-યુવતી કે વહુનો ડેટા બીજી જગ્યાએ પણ સર્ક્યુલેટ થાય છે, જેના લીધે ભવિષ્યમાં તકલીફ પણ થઇ શકે છે. ઓનલાઇનના ડેટાનું લીકેજ એ મોટું દૂષણ છે.જે અંગે પણ પૂજ્યો તરફથી યોગ્ય માર્ગદર્શન આવકાર્ય છે.

લી. જિનશાસન ચરણસેવક બાબુલાલ સરેમલ

# PLAN બેટર પર્યુષણ *Let Stone be a steping stone*

- પ્રિયમ્

કોરોના નો કહેર...હાય... હાય... આ વખતે શું થશે. ?

આના વલોપાતમાંથી બહાર નીકળીએ. અને આ વખતે વધુ સારી આરાધના કરી બતાવીએ. Come on....

**પ્રતિક્રમણ :-** દરેક એપાર્ટમેન્ટ / સોસાયટીમાં એટલિસ્ટ એક કે બે જણ તો એવા હોય છે, જેમને પ્રતિક્રમણ આવડતું હોય છે. તેઓ અત્યારથી કામે લાગે. સૂત્ર અને વિધિના રહસ્યોનો સ્ટડી કરી લે. ને આ વખતે શોર્ટ-શોર્ટ ગાઇડન્સ સાથે પોતપોતાના એપાર્ટમેન્ટ / સોસાયટીમાં જ યોગ્ય સ્થળે પ્રતિક્રમણ કરાવે. ભાઇઓ ભાઇઓને કરાવે, બહેનો બહેનોને કરાવે. સ્ટડી માટે બુક્સ-આમાંથી યુઝ કરી શકાય. કર પડિક્કમણું ભાવશું, આવશ્યક ક્રિયા સાધના, પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ, સૂત્ર સંવેદના, ભાવ પ્રતિક્રમણનું તાળું ખોલો વગેરે....

Promise you, જો આટલું થઇ શકે, I Mean શોર્ટ ગાઇડન્સ સાથેનું પ્રતિક્રમણ, તો બધા કહેશે, આવી મજા તો કદી નથી આવી.

**પૂજા :-** આમ તો ઘણા જૈનોએ ઘરે પ્રભુજી પધરાવ્યા જ છે, છતાં ઘણા બાકી ય છે, ચાલો આ વખતે નક્કી કરીએ, એટલિસ્ટ આઠ દિવસ તો મારા ઘરે ભગવાન આવવા જ જોઇએ. તમારો જો આ સંકલ્પ છે તો તમારા સંઘમાંથી નહીં તો બીજા સંઘમાંથી, ભગવાન તો તમને મળશે જ.

Just Imagine આખું ઘર સામૂહિક અષ્ટપ્રકારી પૂજા કરે, ક્યારેક સ્નાત્ર મહોત્સવ કરે, અંગરચના કરે, મીની મહાપૂજા કરે, રંગોળીઓ કરે, આરતી કરે ને ભક્તિ-ભાવના કરે.. તમે જ કહેશો આખી જિંદગીમાં એક પણ પર્યુષણમાં આવો આનંદ તો નથી આવ્યો. આપણે સહુ નક્કી કરીએ, આપણે કોઇના ઘરે જવું નહીં અને આપણા ઘરે ભગવાન લાવ્યા વિના રહેવું નહીં. તમે જુઓ તો ખરા, આ આઠ દિવસની ભક્તિ તમારા કેવા ભાગ્યના દ્વાર ખોલી દે છે !

**તપસ્યા :-** તપ કરવા માટે આમ તો ભેગા થવાની જરૂર નથી હોતી, ઉલ્ટુ ક્યારેક આપણે ભેગા થઇને વિકથાએ ચડીએ, તો તપનું ફળ ઓછું ય થઇ જાય છે. આ વખતે શુદ્ધ તપ કરીએ. શુદ્ધ તપ એટલે બાહ્ય અને અભ્યંતર તપનો સરવાળો. યથાશક્તિ તપ સાથે સ્વાધ્યાય કરીએ.

**સ્વાધ્યાયમાં શું કરવું ? નંબર વન :-** આપણે જે ભગવાનને ઘરે લાવ્યા હોઇએ, તેમનું ચરિત્ર વાંચીએ, પુસ્તક-ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર અથવા તે તે ભગવાનના નામના પણ અનેક ચરિત્રો આવે છે. પ્રભુના ચરિત્રનો સ્વાધ્યાય એ પરમ મંગળ છે. તમારા શ્રીસંઘમાં જે મૂળનાયક ભગવાન હોય, તેમનું ચરિત્ર અથવા શાસનપતિ શ્રી મહાવીરસ્વામી પ્રભુના જીવનનું ચરિત્ર પણ વાંચી શકાય.

પુષ્પમાલા વગેરે ગ્રંથના રચયિતા મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા ભવભાવના ગ્રંથમાં કહે છે.

णीसेसदुरियदलणक्खमाइं णामक्खराइं वि गुरुणं ।

सुद्धाइं परममंतोवमाइं किं पुण सचरियाइं ? ॥

મહાપુરુષોના ફક્ત નામના અક્ષરો ય સર્વ પાપોના ભુક્કા બોલાવી દેવા સક્ષમ છે. તો પછી શુદ્ધ પરમમંત્ર સમાન એમના ચરિત્રોની તો શું વાત કરવી ? સપરિવાર સામાયિકમાં બેઠા હોઇએ. એક જણ બોલીને વાંચે, સૌ અહોભાવપૂર્વક શ્રવણ કરે, અશુભ કર્મોના ભુક્કા બોલાય, પ્રભુની ગુણ-ગંગામાં સ્નાન થાય, પરિવારનું ગુણાત્મક સ્તર ઉંચું આવે, ઘરમાં સુખ-શાંતિની પ્રતિષ્ઠા થઇ જાય. આપણે જો આટલું કરી શકીએ તો તપ પણ શુદ્ધ થશે અને વ્યાખ્યાનની ઉણપ પણ નહીં વર્તાય.

સ્વાધ્યાય માટે નંબર-ટુ :- પ્રભુ વીરના સંપૂર્ણ જીવનને આવરી લેતી એક કૃતિ છે. "પંચ કલ્યાણકનું સ્તવન" દરેક જૈનને આ સ્તવન આવડતું જ હોવું જોઇએ. આપણે સંકલ્પ કરીએ, કે આ પર્યુષણની અંદર હું આ સ્તવન મોઢે કરી લઇશ. સ્તવન મોટું છે, પણ ખૂબ જ મજાનું છે. તમારા જેવા બુદ્ધિશાળી માટે આઠ દિવસ તો ઘણાં થઇ પડે.

સ્વાધ્યાય માટે ઓપ્શન નંબર-૩ :- પર્યુષણના ગુરુ ભગવંતોના વ્યાખ્યાનો પણ દરરોજ વાંચી શકાય. સંવત્સરીના દિવસે પૂ. જ્ઞાનવિમલસૂરિજી રચિત બારસા સૂત્રના ઢાળિયા, પૂ. હીરરત્નવિજયજી દ્વારા રચિત કલ્પસૂત્ર વંદનાવલિ પણ વાંચી શકાય. શ્રી સંઘમાં જે રીતે નિયમિત પર્યુષણ કરતા હોય તેજ રીતે બધી જ વિધી થઇ શકે. ફક્ત મનોબળની જરૂર છે અને આ ત્રણેય પુસ્તકો નજીકના જ્ઞાનભંડારમાંથી મેળવી શકાય અથવા તો પ્રકાશન સંસ્થામાંથી વસાવી પણ શકાય.

બસ, તો આટલું કરી શકો, તો તમારા પર્યુષણને કોરોના બિલકુલ નહીં નડે, નડવાની વાત તો દૂર છે, ઉલ્ટુ આ વખતના પર્યુષણ તમારા આત્મા માટેના સુવર્ણ દિવસો બની રહેશે.

શ્રીસંઘ અને ગુરુભગવંતોથી આપણે વંચિત બનીએ, એ મંદી તો છે જ, પણ મંદીમાં પણ આપણે ધીકતી કમાણી કરી બતાવીએ તો આપણે ખરા સમજદાર, આ ચેલેન્જ આપણે સ્વીકારવાની છે અને સાકાર કરીને બતાવવાની છે, આપણે જો સાચા બની શકીએ તો આપણી સાથે કશું જ ખોટું થઇ શકે તેમ નથી.

***Wish you a Better Paryushan***

નોંધ :- લગભગ બધી જ પ્રત/પુસ્તકો www.jainelibrary.org ઉપર ઉપલબ્ધ છે. એમાંથી પ્રિન્ટ કરી શકાશે અને PDF ની જરૂર હોય તો Email : ahoshrut.bs@gmail.com અથવા Whatsapp 9426585904 ઉપર Request મોકલવાથી મોકલવામાં આવશે.

## -: શ્રુતવિશ્વનું અવનવું :-

વિશેષઆવશ્યક ભાષ્ય ભાગ-૧,૨,૩ ટીકાકાર મલ્લધારિ શ્રી હેમચન્દ્રસૂરિજી આજથી ૭૦ વર્ષ પહેલાં પ્રકાશિત આ ગ્રંથ પ્રાયઃ અપ્રાપ્ય હતો અને પૂજ્યોને અભ્યાસ માટે પણ ખૂબ જ મુશ્કેલીથી જીર્ણ-શીર્ણ નકલ મળતી હતી, પરંતુ વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.આ.શ્રી હેમચંન્દ્રસૂરિજી મ.સા.ના શિષ્ય પ.પૂ.આ.શ્રી સંયમબોધિસૂરિજી એ ત્રણ વર્ષના અથાગ પરિશ્રમ થી સંશોધન-સંપાદન કરીને આ ટીકાનું નૂતન પ્રતાકાર પ્રકાશન શ્રી જૈનમ પરિવાર રીલીજીયસ ટ્રસ્ટ દ્વારા કરેલ છે. જેના લીધે પૂજ્યોને અભ્યાસ માટે ગ્રંથ સરળતાથી ઉપલબ્ધ બન્યો છે. અને ખૂબ જ સુંદર પ્રિન્ટીંગ અને ટકાઉ કાગળના લીધે અભ્યાસ સરળતાથી થઇ શકે છે.

---

**જૈન સાહિત્ય સર્ટીફિકેટ કોર્સ :-** શ્રી જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ દ્વારા સોમૈયા વિદ્યાવિહાર યુનિવર્સિટી ના સહયોગથી જૈન સાહિત્ય પ્રાથમિક સર્ટીફિકેટ કોર્સ ચાલુ કરવામાં આવ્યો છે. જેમાં દર અઠવાડીયે જુદાં-જુદાં વિદ્વાન સાહિત્યકારો દ્વારા સેમીનાર ZOOM મિટીંગનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઇ, ડૉ.સેજલ શાહ, ડૉ.અભય દોશી, ડૉ.નિરંજન રાજગુરુ, ભારતી દિપક મહેતા, ડૉ.નરેશભાઇ વેદ્ય દ્વારા જૈન ઇતિહાસની અને સાહિત્યની ખુબ જ સુંદર માહિતી આપવામાં આવેલ છે. અને કોઇપણ જિજ્ઞાસુ ગૃહસ્થ મીટીંગમાં ભાગ લઇ શકે છે. અને સર્ટીફીકેટ કોર્સની પરીક્ષા આપીને જૈન સાહિત્યનો અમૂલ્ય ખજાનો મેળવી શકે છે.

---

**જૈનીઝમ કોર્સ :-** પ.પૂ.દીક્ષાદાનેશ્વરી આ.શ્રી ગુણરત્નસૂરિજી તથા પ.પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરિજીની પ્રેરણાથી જૈનીઝમનો ત્રણ વર્ષનો સર્ટીફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સની પરીક્ષા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં આપી શકાય છે. અભ્યાસ માટેના પ્રથમ વર્ષના પુસ્તકો પણ ગત વર્ષે પ્રકાશિત થયા છે. વધુ માહિતી માટે www.jainismcourse.org અથવા whatsapp : 7874110008 ઉપર સંપર્ક કરવો.

---

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org

અહો ! શ્રુતજ્ઞાનમ્

Rs. 1
Ticket